

ખેડબ્રહ્માના વાસણા રોડ પર આવેલ પાણીની પાઈપ લાઈન છેલ્લા આઠ માસથી લીકેજ થઈ છે. જેના સમારકામ માટે ૧૦ દિવસ અગાઉ નગરપાલિકા તંત્ર દ્વારા માર્ગ પર મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. પરંતુ કામ ખતમ થઈ ગયું છે. તેમ છતાં આ માર્ગ પરનો ખાડો ન પુરાતા નાગરિકો માટે આ ખાડો જોખમી બની ગયો છે. (તસવીર : રમેશ વૈષ્ણવ)

## મોડાસાની કિશોરીનું દાઝી જતા મોત

મોડાસા, તા.૧૯

મોડાસા શહેરની રત્નમ સોસાયટીમાં રસોઈ બનાવતી એક કિશોરી એકાએક દાઝી જતા મોડાસા સાર્વજનિક બાદ અમદાવાદની વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જયાં આજે તેનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર મોડાસાની રત્નમ સોસાયટીમાં રહેતી નિલમબેન રાજુભાઈ વાઘરી ઉ.વ.૧૫ આજે પોતાના ઘરમાં રસોઈ કામ કરતી હતી તે વખતે અચાનક જ દાઝી જતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી જેથી તુરંત પરિવારજનોએ નજીકની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા હતા પરંતુ વધુ પ્રમાણમાં દાઝી જવાથી અમદાવાદની વી.એસ. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જયાં સારવાર દરમિયાન આજે તેનું કરુણ મોત નિપજયું હતું. આ અંગે મોડાસા ટાઉન પોલીસ મથકે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસા ખાતે તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાની બેઠક યોજાઈ

દાંતીવાડા, તા.૧૯

ડીસા જિલ્લા પંચાયત ખાતે આજે તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાની પ્રથમ બેઠક યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં તાલુકાના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતાં.

ડીસા જિલ્લા પંચાયત ખાતે જિલ્લા ભાજપ બક્ષી પંચ મોરચાના ઉપપ્રમુખ કરસનભાઈ પાંગોડના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં સર્વેનું શાબ્દિક સ્વાગત પ્રમુખ સવજીભાઈ ગાલવાડીયાએ કર્યું હતું. બાદમાં ચેન્જીભાઈ દલવાડીએ કાર્યકર્તાઓને આવનાર ચૂંટણી માટે તનતોડ મહેનત કરવા કમર કસીલો તેવી હાકલ કરી હતી. જયારે ઉપપ્રમુખ કરનસભાઈ પાંગોડએ આવનાર સમયની ચૂંટણીની તૈયારીઓ બાબતે બુથ કાર્યકરોની ટીમ બનાવવા, ડોર ટુ ડોર પ્રચાર કરી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરી જિલ્લાની લોકસભા બેઠક બહુમતીથી જીતાડવા જરુરી સલાહ અને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં મહામંત્રી નવીનભાઈ, નરેશભાઈ, મોહબતસિંહ, મંત્રી અમરતાભાઈ સહિત અનેક હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતાં અને કાર્યકરોને જરુરી માહિતી પુરી પાડી હતી.


## કડીની પ્રભાવતી હાઈસ્કૂલમાં હિન્દી દિન ઉજવાયો

કડી, તા. ૧૯

કડવા પાટીદાર કેળવણી ઉત્તોજક મંડળ દ્વારા સંચાલિત પ્રભાવતી હાઈસ્કૂલ કડી ખાતે હિન્દી દિનની ઉજવણી હાથ ધરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ હિન્દી ભાષાનું મહત્વ તેમજ રાષ્ટ્રભાષાના મૂલ્ય અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, સુલેખન, ગીત-સંગીત, એક પાત્રિય અભિનય, વાદ-વિવાદ, ક્વીઝ કોમ્પીટીશન વગેરે સ્પર્ધાઓનું સરસ રીતે આયોજન કરાયું હતું. આ સ્પર્ધાઓમાં પ્રભાવતી હાઈસ્કૂલના ભરત પાવરાએ નિબંધલેખનમાં તૃતીય સ્થાન, અવિનાશ કોળી પટેલે એક પાત્રીય અભિનયમાં દ્વિતીય સ્થાન અને જયેશ લકુમે તૃતીય સ્થાન, વાદ વિવાદમાં ભરત ઠાકોરે તૃતીય સ્થાન તેમજ સુલેખન સ્પર્ધામાં રાજદીપસિંહ ઝાલાએ તૃતીય સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. વિજેતાઓને ઈનામ તેમજ પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરાયા હતા. તેમજ આ નિમિત્તે કેમ્પ્સ રેલીનું આયોજન કરાયું હતું.

## ધોરી પાસે મંજુમા દ્વારા માઈભકતો માટે અદ્યતન કેમ્પનું આયોજન



ડીસા, તા.૧૯

પાલનપુર શહેરના ખોડા લીમડા વિસ્તારમાં રહેતા મંજુમા દ્વારા દર વર્ષે માઈ ભકતોની સેવા અર્થે કેમ્પ ગોઠવવામાં આવે છે. ચા, નાસ્તો, લીંબુ શરબત, દવા અને ભોજન સહિતની સુવિધાઓ તેમજ આરામ કરવાની સગવડ આ કેમ્પમાં આપવામાં આવે છે.

મંજુમા દ્વારા ૩ વર્ષથી આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે અમે અંબાજી પગપાળા સંઘ લઈને જતા હતા ત્યારે માઈ ભકતોની સેવા કરવાનો વિચાર આવતા અમો છેલ્લા ત્રણ વર્ષથી સેવા કેમ્પ ગોઠવીએ છીએ. ૨૦૦ કરતા વધારે તેમના અનુયાયીઓ પણ સેવામાં જોડાય છે. આવતા વર્ષે વધારે સુવિધા આપવાની ઈચ્છા મંજુમાને છે. આ કેમ્પનો મોટી સંખ્યામાં માઈ ભકતો લાભ લઈ રહ્યા છે. તેમની સેવા માટે કેમ્પમાં સેવકો ખડે પગે સેવા આપી રહ્યા છે.

# ડીસા માર્કેટ યાર્ડમાં સત્તા પરિવર્તન માવજીભાઈ દેસાઈ બિન હરીફ ચુંટાયા

ડીસા, તા.૧૯

ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (ડીસા માર્કેટયાર્ડ)ના ચેરમેન તરીકે ગોવાભાઈ દેસાઈએ રાજીનામું આપતા આજરોજ ૧૯ સપ્ટેમ્બરે પાટણના સહકારી અધિકારીની ઉપસ્થિતિમાં ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં યોજાયેલી ચુંટણીમાં માવજીભાઈ દેસાઈ બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા.

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે છેલ્લા ૧૪ વર્ષથી બિનહરીફ ચૂંટાતા ગોવાભાઈ દેસાઈએ પોતાના પર થયેલા કથિત ભ્રષ્ટાચારના આક્ષેપોના કારણે તા. ૧૨ સપ્ટેમ્બરે રાજીનામું આપતાં ગુજરાત રાજયના ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્રના નિયામકે તા. ૧૬ સપ્ટેમ્બરે તેમનું રાજીનામું મંજુર કરી વાઈસ ચેરમેન કરશનભાઈ કણબીને ચેરમેનનો ચાર્જ સોંપ્યો હતો. જે બાદ આજરોજ તા. ૧૯ સપ્ટેમ્બરનાં નવા ચેરમેન માટે બપોરે ૧૨-૦૦ વાગ્યે ડીસા માર્કેટયાર્ડ ખાતે ચૂંટણી અધિકારી તેમજ નાયબ નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર પાટણની



અધ્યક્ષતામાં ચૂંટણી યોજાઈ હતી જેમાં બજાર સમિતિના ખેડૂત વિભાગના આઠ, ખરીદ-વેચાણ મંડળી વિભાગના બે અને બે સરકારી પ્રતિનિધિઓ મળી કુલ ૧૨ સભ્યોએ મતદાન કરી પોતાનો મત આપ્યો હતો. તો વળી, માવજીભાઈ દેસાઈ સામે અન્ય કોઈ હરીફ ઉમેદવાર ના રહેતા ચૂંટણી અધિકારીએ તેમને બિન હરીફ વિજેતા જાહેર કર્યા હતા જે બાદ નવીન ચેરમેન માવજીભાઈ દેસાઈના ટેકેદારોએ તેમને ફૂલહાર પહેરાવી નવીન હોદ્દા માટે શુભેચ્છા આપી હતી. આ નવીન પદ સંભાળતા માવજીભાઈ દેસાઈએ જણાવેલ કે ડીસાના આ માર્કેટ યાર્ડના વિકાસને ખાસ મહત્વ આપવામાં આવશે અને ખેડૂતોના તમામ પ્રશ્નો અને મુશ્કેલીઓને અગ્રતાક્રમ અપાશે તેવું જણાવ્યું હતું.

# ચેકડેમોમાં થયેલી હલકી ગુણવત્તાની કામગીરીની તપાસના અંતે પાંચ કર્મચારી સસ્પેન્ડ

### મોડાસા વાત્રક નહેર યોજના વિભાગની કચેરીના પાંચેય અધિકારી નાની વિભાગીય તપાસ બાદ સસ્પેન્ડ કરાયા

મોડાસા, તા.૧૯

મોડાસા વાત્રક નહેર યોજના વિભાગની કચેરી હેઠળ આવતા સબ ડિવીઝનો દ્વારા બનાવવામાં આવેલા ચેકડેમોમાં તપાસના અંતે હલકી ગુણવત્તા હોવાનું માલુમ પડતા વિભાગીય તપાસના અંતે પાંચ જેટલા ઈજનેરોને સસ્પેન્ડ કરવામાં આવતા ખળભળાટ મચ્યો છે. આમ આવા ભ્રષ્ટ અને એકલા એકલા ઘર ભરવા માટે ટેવાયેલા ઈજનેરો સામે વધુ કડક પગલા ભરવામાં આવે તેવી જનતાની માંગ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા સિંચાઈ વિભાગની વાત્રક નહેર યોજના કચેરી હેઠળ આવતા કપડવંજ, બાયડ, બાલાસિનોર જેવા ડિવીઝન દ્વારા તે સમયના કાર્યપાલક ઈજનેર ડી.એન. ઠાકોરના કાર્યકાળમાં મોટા પ્રમાણમાં ચેકડોમો બનાવવામાં આવ્યા હતા આ ચેકડેમો હલકી ગુણવત્તાવાળા બન્યા હોવાની ફરિયાદ ઉચ્ચકક્ષાએ થઈ હતી. આ અંગેની વિભાગીય તપાસ ચાલી હતી જેના અંતે પાંચ ઈજનેરો દોષિત હોવાનું પુરવાર થતા સિંચાઈ વિભાગ દ્વારા પાંચ ઈજનેરોને સસ્પેન્ડ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

**સસ્પેન્ડ ઈજનેરોની યાદી**

આર.વી. ઝાલા
એ.એસ. પટેલ
જે.વી. પટેલ
એન.ડી. શર્મા
એન.એલ. પરમાર

આ ઈજનેરોને સસ્પેન્ડ કરી આહવા, સુરત, નડીયાદ, ભાવનગર અને ભૂજમાં મુકવામાં આવ્યા છે. આમ કૌભાંડી આ ઈજનેરો સસ્પેન્ડ થતા લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. નવાઈની વાત તો એ છે કે યાદીમાં સામે થતા તેમના દ્વારા ગુણવત્તા સારી હોવાના આજ સુધી જેટલા સર્ટીફીકેટ આપવામાં આવ્યા હશે તે સાચા હશે કે કેમ તેની પણ તપાસ કરવા માંગ ઉઠી છે.

## યાત્રાધામ બેચરાજી ખાતે નવીન એસ.ટી. બસ સ્ટેશનનું ૪૫ લાખના ખર્ચે લોકાર્પણ

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા જિલ્લાના બસ સ્ટેશનનો વિકાસ માટે રૂપિયા ૧૫ કરોડની ગ્રાન્ટ આપેલ છે. જેમાંથી બહુચરાજી મુકામે રૂપિયા ૪૫.૪૭ લાખના ખર્ચે જુના અને જર્જરીત બસ સ્ટેશનની જગ્યાએ આર.સી.સી ફ્રેમ સ્ટ્રેકટરવાળું મુસાફરો માટે સુવિધા યુક્ત બસ સ્ટેશનનું યાત્રાધામમાં લોકાર્પણ ગૃહ રાજય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે કર્યુ હતું.

યાત્રાધામ બહુચરાજી ખાતે ૨૪૨૫ ચોરસ મીટર જમીનના વિસ્તારના આ નવીન બસ સ્ટેશનમાં, ૦૬ પ્લેટ ફોર્મ,પાણીની વ્યવસ્થા. પાર્સલ રૂમ, ઉપાહાર રૂમ, ચાર સ્ટોલ, ટોઈલેટ સુવિધા, વિકલાંગ વ્યક્તિઓ માટે સ્લોપીગ રેમ્પ તથા રેલીગ વિજળીકરણ તથા સાઉન્ડ સીસ્ટમની અધતન સુવિધાનો સમાવેશ કરવામાં આવ્યો છે.મહેસાણા વિભાગમાં ૧૧ ડેપોનો ૪૭૩૦ ટ્રીપો રોજની થાય છે જેમાં ૦૩ લાખ અંદાજીત મુસાફરો -વાસ કરે છે. મહેસાણા વિભાગ દ્વારા ૧,૮૭.૯૨૯ વિર્ધાર્થીઓને વિધાર્થી પાસ આપેલ છે.જેમાં ૪૫૫૮૪ ગ્રામીણ કન્યાઓને યોજના તળેના પાસ અંતર્ગત મુસાફરીનો લાભ મેળવે છે.

આ -સંગે ગૃહ રાજય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા છેલ્લા ૫૩ વર્ષથી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ -જાને સરળ ઝડપી અને આરામદાયક મુસાફરીની સુવિધા પુરી પાડવામાં રાજયની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસમાં સિહંફાળો આપેલ છે. નિગમ દ્વારા વધુ બસ સારી બસના સંકલ્પ હેઠળ છેલ્લા ૦૮ વર્ષમાં સરકાર તરફથી ૧૯૭૦ કરોડની સહાય દ્વારા ૧૦૧૭૦ નવી બસો સંચાલનમાં મુકેલ છે

રાજયના ૯૮ ટકા ગામડાઓમાં અને ૯૯ ટકા વસ્તીને એસ.ટી નિગમ સીધી બસ સેવા પુરી પાડે છે. નિગમના કુલ ૮૧૦૪ બસોના કાફલા સાથે રોજના ૨૮ લાખ કિ.મિનું સંચાલન કરી દૈનિક ૨૪ લાખ મુસાફરોને પરિવહનની સેવા પુરી પાડી રહી છે. આ ઉપરાંત કેન્સરના, થેલીસીમીયાના દર્દીને ૫૦ ટકા રાહત તેમજ -ેસ રેડીયો,ટી.વી વિગેરેના પત્રકારોને ૧૦ ટકા ભાડામાં રાહત આપવમાં આવે છે.

### તલોદ તાલુકા ભાજપ કાર્યકરો દ્વારા મુખ્યમંત્રીના જન્મદિને ફ્રુટ અને બિસ્કીટનું વિતરણ

તાજપુર કેમ્પ, તા.૧૯

રાજયના મુખ્યમંત્રીના જન્મદિન નિમિત્તે તલોદ તાલુકા ભાજપના અગ્રણી નેતાઓ અને કાર્યકરોએ તાલુકાની વિવિધ સામાજિક સંસ્થાઓ અને આંગણવાડીના ભૂલકાઓને ફળફળાદી, મીઠાઈ અને બિસ્કીટ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં તલોદ ભાજપ પ્રમુખ કે.બી. રાઠોડ, બંસીલાલ મહેતા, નરેન્દ્રભાઈ પટેલ, શાંતિલાલ પટેલ, ગુલાબસિંહ ઝાલા, કિશોરભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ તાલુકાના ઈન્દ્રાજપુર સાબરમતી નદીમાં ડૂબી જવાથી કલોલના યુવાનનું મોત

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઈન્દ્રાજપુર પાસે આવેલ સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર જિલ્લાની સીમ પર આવેલ સાબરમતી નદીમાં ગણપતી વિસર્જન કરવા આવેલા કલોલનો પરિવારના બીપીનભાઈ દલપતભાઈ મહેરીયા ઉં.વ. ૨૦ રહેવાસી કલોલ મૂળ ગલથરા ગામના જે નદીમાં મૂર્તિની પધરામણી કરવા નદીમાં આગળ જઈને ઉંડા ધરામાં તે ઘરકાવ થઈ ગયો હતો. જેથી સાથે રહેલા ટોળાએ બુમાબુમ કરતાં અન્ય લોકો પણ નદી તરફ દોડી આવ્યા હતા.

પરંતુ પાણીમાં અંદર ગુસી જતા ઈન્દ્રાજપુરના તરવૈયાની મદદ લેવામાં આવી હતી. અને બે કલાકોની શોધખોળ બાદ મૃતકને બહાર કાઢવામાં આવ્યો હતો. જયારે પ્રાંતિજ પોલીસ તથા પ્રાંતિજ મામલતદારની ટીમ ઘટના સ્થળ ઉપર દોડી આવી હતી. જ્યારે મૃતકને પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉપર પી.એમ. માટે લઈ જવામાં આવ્યો હતો.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| વરીયાળી | ૮૧૫ | ૧૩૬૧ |
| બંટી | ૩૦૫ | - |
| રાયડો | ૫૮૦ | ૬૩૫ |
| એરંડા | ૬૮૦ | ૭૧૯ |
| ઘઉં | ૩૦૬ | ૩૭૦ |
| જુવાર | ૨૦૦ | ૨૭૮ |
| બાજરી | ૨૧૦ | ૨૬૪ |
| ગવાર | ૧૨૬૦ | ૧૪૬૫ |

**તલોદ**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૩ | ૭૧૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૩ |
| મગ | ૯૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૨૧૦ | ૨૮૯ |
| ગવાર | ૧૨૧૧ | ૧૪૭૮ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૪૦ |
| ડાંગર જ્યા | ૨૭૫ | ૩૩૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૫૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૫ |
| મકાઈ | ૨૯૦ | ૨૯૪ |
| એરંડા | ૬૮૮ | ૭૦૬ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૬ |
| બાજરી | ૧૯૫ | ૨૫૮ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૩૫ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૯૨ |
| બાજરી | ૨૫૦ | ૩૦૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૧ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૫ | ૨૬૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૨ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૨ | ૭૦૯ |
| ગવાર | ૧૪૦૯ | ૧૪૧૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૨૬૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૯૯ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૭ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર | ૨૫૦ | ૩૩૦ |
| રાયડો | ૫૨૦ | ૫૯૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૩૧૦ | ૩૭૬ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૬૫ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૫૦૫ | ૫૯૦ |
| તલ | ૧૬૦૦ | ૧૭૨૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૧૬ |
| તુવેર | ૬૬૦ | ૭૦૫ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૨ |
| ડાંગર | ૨૧૦ | ૨૬૦ |

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૨૬૫ | ૧૪૨૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૮૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મગ | ૮૭૨ | - |
| જવ | ૨૨૫ | - |
| રાયડો | ૫૯૫ | ૬૨૮ |
| એરંડા | ૬૯૦ | ૭૧૫ |
| ગવાર | ૧૩૦૩ | ૧૫૦૦ |
| ઘઉં | ૨૬૨ | ૩૬૫ |
| બાજરી | ૧૯૦ | ૨૭૨ |
| ચોરા | ૭૪૧ | - |
| જુવાર | ૨૦૦ | - |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૯૦ | ૨૮૭૨ |
| વરીયાળી | ૭૦૦ | ૨૧૫૦ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૪૧૧ |
| સરસવ | ૬૪૦ | ૭૬૦ |
| રાયડો | ૫૭૫ | ૬૪૧ |
| મેથી | ૫૨૧ | ૫૩૯ |
| તલ | ૨૧૦૦ | ૨૨૭૫ |
| સવા | ૬૪૦ | ૭૬૦ |
| અજમો | ૮૦૦ | ૧૧૮૧ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૮ |
| બાજરી | ૨૦૦ | ૨૯૫ |
| રાયડો | ૫૬૦ | ૬૩૧ |
| એરંડા | ૭૦૦ | ૭૨૬ |
| કપાસ | ૯૫૧ | ૧૧૫૧ |
| મગ | ૯૯૦ | - |
| ગવાર | ૧૨૦૧ | ૧૪૮૪ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ચોખા | ૪૨૫ | ૯૨૫ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૫૫ |
| જીરૂ | ૨૩૭૨ | ૨૪૬૪ |
| રાયડો | ૫૪૫ | ૬૦૪ |
| જવ | ૨૪૬ | ૨૬૦ |
| વરીયાળી | ૭૦૦ | ૯૧૧ |
| બાજરી | ૨૧૫ | ૨૬૯ |
| એરંડા | ૬૯૯ | ૭૦૯ |
| અજમો | ૮૨૬ | ૯૮૫ |
| ગવાર | ૧૨૭૫ | ૧૪૩૬ |
| બંટી | ૩૨૦ | - |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૨૫ |
| બાજરી | ૨૧૦ | ૨૫૫ |
| રાયડો | ૫૮૦ | ૬૦૩ |
| એરંડા | ૬૦૯ | ૭૦૭ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૩૦૬ |
| એરંડા | ૭૦૬ | ૭૦૭ |
| બાજરી | ૨૪૩ | ૨૫૦ |
| ગવાર | ૧૩૯૧ | - |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૦ |
| એરંડા | ૬૯૦ | ૭૧૩ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૪૭૭ |
| અડદ | ૪૦૦ | ૬૭૧ |
| મગ | ૮૦૦ | ૧૦૨૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| સવા | ૬૦૦ | ૬૭૫ |
| બંટી | ૨૪૬ | ૨૭૧ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| એરંડા | ૭૦૪ | ૭૧૪ |
| બાજરી | ૨૨૫ | ૨૭૦ |
| રાયડો | ૬૦૭ | ૬૧૪ |
| ડાંગર | ૨૬૦ | ૩૫૦ |
| ગવાર | ૧૪૯૦ | ૧૫૨૬ |
| જુવાર | ૩૧૦ | ૩૩૬ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૫૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૫૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ તથા મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન